# સર્વ શ્રેષ્ઠ અખ્લાક઼વાળા

# ‘આપણા નબી’ صلى الله عليه وسلم

:: અનુવાદક ::

**પ્રો. ડૉ. હબીબુલ્લાહ ચિશ્તી**

*(અઝ : માહનામા નૂરુલ્ હબીબ–પાક., માર્ચ–એપ્રિ ૨૦૧૬)*

:: અનુવાદક ::

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(ખલીફ઼ા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*


**પ્રકાશક**

**અંજુમને રઝાએ મુસ્તફ઼ા–દયાદરા**

**GRWB/059/Bharuch/02 C/o.** ફય્ઝાને રઝા મંઝિલ,

મુા.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦

ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

**Web. :www.barkatekhwaja.net**

**Email : anjuman2006@hotmail.com**

પ્રકાશન નં. : ૨૧૯ આવૃત્તિ–૨ પ્રત : ૪૦૦૦

૩–જમાદિઉલ આખર હિ.સ. ૧૪૩૭ એપ્રિલ–૨૦૧૬

નૂરાની–આર્ટ–દયાદરા, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

## અનુક્રમણિકા


- ❑ બાઅખ્લાક઼ કોને કહેવાય 09
- ❑ અખ્લાક઼નું વર્તુળ 09
- ❑ અખ્લાક઼ે હસના (સુસંસ્કાર) અને નબવી તા'લીમાત 10
- ❑ અખ્લાક઼ે હસનાના ઉદ્‌ભવ સ્થાનો અને સીરતે તૈયબહ 12
- ❑ માફી તથા દરગુઝર 14
- ❑ માફીના અજોડ નમૂના ! 18
- ❑ હાથ નીચેના લોકો સાથે સદવર્તાવ 19
- ❑ મુરવ્વત (સભ્યતા) તથા સામાનો લેહાઝ કરવો 22
- ❑ સગાં સાથે સદવર્તાવ અને સંબધ જોડવું 26
- ❑ એક તરફી ભલાઈ ચાહવું 32


## શાને મુસ્તફા صلی اللہ علیہ وسلم

હૈ કલામે ઈલાહીમેં શમ્સો દુહા તેરે ચેહરએ નૂરે ફિઝા કી ક઼સમ
ક઼સમે શબે તારમેં રાઝ યહ થા કે હબીબ કી ઝુલ્ફે દોતા કી ક઼સમ

તેરે ખુલ્ક઼ કો હક્ક઼ને અ઼ઝીમ કહા તેરી ખલ્ક઼ કો હક્ક઼ને જમીલ કિયા
કોઈ તુઝસા હુવા હૈ ન હોગા શહા તેરે ખાલિક઼ે હુસ્નો અદા કી ક઼સમ

વો ખુદાને હૈ મર્તબા તુઝકો દિયા ન કિસી કો મિલે ન કિસી કો મિલા
કે કલામે મજીદને ખાઈ શહા તેરે શહરો કલામો બક઼ા કી ક઼સમ

તેરા મસ્નદે નાઝ હૈ અર્શે બરીં તેરા મહરમેં રાઝ હૈ રૂહે અમીં
તૂ હી સરવરે હર દો જહાં હૈ શહા તેરા મિષ્લ નહીં હૈ ખુદા કી ક઼સમ !

યહી અર્ઝ હૈ ખાલિક઼ે અર્ઝો સમા વો રસૂલ હૈં તેરે મૈં બંદા તેરા
મુઝે ઉનકે જવારમેં દે વો જગહ કે ખુલ્દ કો જિસ્કી સફા કી ક઼સમ

તૂ હી બંદોં પે કરતા હૈ લુત્ફો અતા હૈ તુઝી પે ભરોસા તુઝીસે દુઆ
મુઝે જલ્વએ પાકે રસૂલ દિખા તુઝે અપની હી ઈઝ્ઝો ઉલાકી ક઼સમ

મેરે ગરચે ગુનાહ હૈં હદ સે સિવા મગર ઉનસે ઉમ્મીદ હૈ તુઝસે રજા
તૂ રહીમ હૈ ઉનકા કરમ હૈ ગવાહ વો કરીમ હૈં તેરી અતા કી ક઼સમ

યહી કહતી હૈ બુલબુલે બાગે જિનાન કે **'રઝા'** કી તરહ કોઈ સહર બયાં
નહીં હિંદ મેં વાસિફે શાહે હુદા મુઝે શૌખીએ તબ્એ "રઝા" કી ક઼સમ

# સંપાદકના બે બોલ..

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

نَحۡمَدُهٗ وَ نُصَلِّى عَلٰى رَسُوۡلِهِ الۡكَرِيۡمِ

રબ તઆલા ઈર્શાદ ફર્માવે છે : ''બેશક ! તમારા માટે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمનું અનુસરણ બેહતર છે.'' *(સૂરએ અહઝાબ, આ. ૨૧, કન્ઝુલ ઈમાન)*

તો હવે એ વાતમાં કોઈ શંકા ન રહી કે જે શખ્સ બંને જહાનની કામયાબી ચાહે છે તેના માટે જરૂરી છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلمના જીવનનો અભ્યાસ કરે અને એના પ્રમાણે જિંદગી ગુજારવા પ્રયત્નોમાં રહે.

પ્રસ્તુત કિતાબમાં હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمના શ્રેષ્ઠ અખ્લાક઼ના અમુક નમૂના રજૂ કરવામાં આવ્યા છે. તો જે વ્યક્તિ પણ ચાહે કે પોતે બાઅખ્લાક઼ અને સુસંસ્કારી બને તો તેણે જોઈએ કે નબી કરીમ علیہ الصلوٰۃ والسلامનું અનુકરણ તથા અનુસરણ દરેક મામલામાં કરે. આજકાલ યુવાનો યુવતીઓ તથા વડીલો જીવન પદ્ધતિમાં કોઈ હીરો, હીરોઈન, ક્રિકેટર કે નેતાને પોતાનો આઈડિયલ બનાવે છે, જ્યારે કે રબ્બે કરીમ ખૂદ ફર્માવે છે કે : ''બેશક ! તમારા માટે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمનું અનુસરણ બેહતર છે.'' *(સૂરએ અહઝાબ, આ. ૨૧, કન્ઝુલ ઈમાન)*

હુઝૂર علیہ الصلوٰۃ والسلامને છોડીને જેઓ અન્યને આઈડિયલ બનાવશે તેની દુનિયા તથા આખેરત બંનેવ ખરાબ થવાની છે, એ નિશ્ચિત છે. હુઝૂર صلی اللہ علیہ وسلمના ઉચ્ચ અખ્લાક઼ એ હતા કે કોઈ પણ રાગ દ્વેષ વિના ભેદભાવ વિના દરેક માનવી સાથે સારો વ્યવહાર તથા ઉચ્ચ અખ્લાક઼ દર્શાવતા હતા. જેમ કે :–

એકવાર એક સવાલ કરનારે રસૂલુલ્લાહ ﷺથી સવાલ કર્યો. એ સાઈલ ત્યારે મુસલમાન ન હતો, પણ હુઝૂર علیہ الصلوٰۃ والسلام સખાવતમાં મુસ્લિમ ગૈર મુસ્લિમમાં કોઈ ભેદભાવ કરતા ન હતા. હુઝૂર ﷺએ તેને મોટી સંખ્યામાં બકરીઓ ઈનાયત ફર્માવી. તે એ બકરીઓને લઈને પોતાની કૌમમાં પહોંચ્યો અને તેમને બતાવ્યું કે એ બકરીઓ તેને કેવી રીતે મળી. સાથોસાથ તેણે કહ્યું, "હે મારી કૌમ ! મુસલમાન થઈ જાવ ! કે મુહમ્મદ (ﷺ) એવા અતા કરનાર છે કે કદી ગરીબીનો ખૌફ નથી રહેતો."

એ જ પ્રમાણે એકવાર એક ફક઼ીરે આપની પાસે આવીને સવાલ કર્યો ત્યારે આપની પાસે કાંઈ હતું નહીં. તો ઘરમાં થોડોક આટો હતો તે અપાવી દીધો અને ઘરવાળાંએ પોતે ફાક઼ામાં રાત ગુજારી ! *(પ્યારે નબી ﷺ કા પ્યારા અખ્લાક઼)*

ગઝવએ બદરમાં ઈસ્લામી ફૌજની પાસે સવારીઓ ઓછી હતી જેથી ત્રણ સહાબીઓ વચ્ચે એક એક ઊંટ મળેલું જેના પર તેઓ વારાફરતી સવારી કરતા. હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ અન્ય સહાબાએ કિરામની જેમ પોતાની સાથે પણ બે સહાબીઓને એક ઊંટમાં શરીક કર્યા કે એના પર વારાફરતી સવાર થઈએ. જ્યારે સહાબાએ કિરામની વારી આવી તો તેમણે પોતાની વારી છોડવા ચાહ્યું અને દરખાસ્ત કરી, "હુઝૂર ! (ﷺ) આપ સવાર જ રહો, આપ અમારા સરદાર છો, અમે તમારું પગપાળા ચાલવું માન્ય નથી કરી શક્તા !" પણ આપ ﷺએ જે ફર્માવ્યું તેને દિલના કાનો વડે સાંભળો અને આજકાલના લીડરો અને ખાદિમે કૌમ જેઓ **વિવિધ ફેસિલિટીઓના આગ્રહી** રહે છે, **ડિમાન્ડો** કરે છે તેમની હક઼ીક઼ત પણ સમજો ! હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું :–

"તમો મારા કરતાં વધુ પગપાળા નથી ચાલી શક્તા, અને સવાબનો પણ હું તમારા કરતાં ઓછો હાજતમંદ નથી. અન્ય

સાથીઓની જેમ ભાગીદારીની રીતે તમારે પણ સવાર થવું પડશે ! હું એને પસંદ નથી કરતો કે તમે પગપાળા ચાલો અને હું સવાર રહું. **અલ્લાહને તે બંદો બુરો લાગે છે જે સફરના સાથીઓમાં વિશિષ્ટ બને (અલગ પડે) છે."**

આ શબ્દોમાં બાઅખ્લાક઼ (સુસંસ્કારી) થનારાઓ માટે ઘણુ બધું શીખવાનું આવી ગયું છે. અલ્લાહ પછી કાઈનાતમાં જેનો સૌથી મહાન મર્તબો છે તેમના અખ્લાક઼ તથા આજીજી આવી છે તો પછી બીજો કોણ છે જે મોટાઈમાં રહે !

એ જ પ્રમાણે એક સફરમાં મંઝિલ પર પહોંચીને ખાણુ પકાવવાની તૈયારીઓ થવા લાગી તો સર્વ સહાબાએ કિરામે કામો વહેંચી લીધાં. કોઈએ પાણી લાવવાની ખિદમત પોતાના જિમ્મે લીધી તો કોઈએ આટો ગુંદવાની અને કોઈએ ખાવા પકાવવાનું કામ માથે લીધું. રસૂલુલ્લાહ ﷺ પણ એ સફરમાં સહાબાએ કિરામની સાથે હતા. હુઝૂર ﷺએ ફર્માવ્યું, "હું જંગલથી લાકડીઓ એકઠી કરીને લાવું છું, એ કામ મારા જિમ્મે છે." સહાબાએ કિરામે અર્ઝ કરી, હુઝૂર ! ﷺ અમો ખાદિમ મૌજૂદ છીએ ! આપ બેઠા રહો, તકલીફ ન ઉઠાવો. પણ હુઝૂર ﷺ એ તેમની વાત માનવાથી ઈન્કાર કરી આપ્યો અને ફર્માવ્યું, "મારે પણ મારા હિસ્સાનું કામ કરવું જોઈએ." જેથી હુઝૂર ﷺજંગલની તરફ ગયા અને ત્યાંથી લાકડીઓ ભેગી કરીને લાવ્યા.

એ જ પ્રમાણે મસ્જિદે નબવીના બાંધકામમાં મુસલમાન વ્યસ્ત હતા. સૌ મુસલમાન કામે લાગેલા હતા. કોઈ ગારો આપતો, કોઈ ઈંટો આપી રહ્યો હતો. એ સંજોગોમાં હુઝૂર علیہ الصلوٰۃ والسلام પણ એમની સાથે સતત ઈંટો ઉઠાવી રહ્યા હતા, ત્યાં સુધી કે એ તમીઝ ન રહી કે એમનામાં સરદાર કોણ છે અને મઝદૂર કોણ ?! આ છે અખ્લાકે઼ હસના !

આજે ઘરમાં ચાનો કપ ઉઠાવવાને પતિ પોતાની શાનની વિરુધ્ધ સમજે છે ! પણ એ જુએ કે સૌથી ઉચ્ચ શાનવાળા નબી ﷺ શું કરતા હતા ?!

હઝરત અબૂ અસ્વદ બિન ઝયદ رضی اللہ عنہ થી રિવાયત છે, મેં ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا ને પૂછયું કે રસૂલુલ્લાહ ﷺ પોતાના ઘરમાં શું કરતા હતા ? તેમણે ફર્માવ્યું, "પોતાના ઘરવાળાંઓનું કામ કરતા હતા. અને જ્યારે અઝાન સાંભળતા હતા તો બહાર તશરીફ લઈ જતા હતા." *(હવાલો ઉપર મુજબ)*

અંતમાં અખ્લાક઼ સંબંધી હુઝૂર ﷺના અમુક કથનો વાંચી લો અને એને જીવનમાં ઉતારવા કોશિશ કરો પછી જુઓ જિંદગી કેવી પુરસુકૂન ગુજરે છે. આપ ﷺ ફર્માવે છે :–

★ હિલમ (સહનશક્તિ, સંયમ) અને ધીરજ બે ખૂબીઓ એવી છે જેને અલ્લાહ તથા રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ દોસ્ત રાખે છે.

★ અલ્લાહ તઆલા નરમી કરવાવાળો છે અને તે દરેક કામમાં નરમીને પસંદ કરે છે.

★ જે શખ્સને નરમીથી મેહરૂમ કરવામાં આવ્યો તેને દરેક ભલાઈ તથા ખૈરથી મેહરૂમ કરવામાં આવ્યો.

★ એક આદમીએ રસૂલુલ્લાહ ﷺને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપ મને વસિયત ફર્માવો ! આપ ﷺએ ફર્માવ્યું, "ગુસ્સો ન કર !" આ વાત એ શખ્સે કેટલીયેવાર કહી અને દરેક વખતે હુઝૂર ﷺએ ફર્માવ્યું : "ગુસ્સો ન કર !"

અલ્લાહ તઆલા આપણને હુઝૂર ﷺના અખ્લાકે઼ હસનાનો સદક઼ો અતા કરે અને બાઅખ્લાક઼ બનાવે. (આમીન)

**–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(તા. ૧–મે–૨૦૧૬, રવિવાર, હિ.સ. ૧૪૩૭, ૨૪ રજબુલ મુરજ્જબ)*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِیْمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْكَ یَارَسُوْلَ اللّٰهِ اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْكَ یَا نَبِیَّ اللّٰهِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْكَ یَاحَبِیْبَ اللّٰهِ اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیْكَ یَا نُوْرَ اللّٰهِ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْكَ وَسَلَّمَ

અખ્લાક઼નો શબ્દ ખુલ્ક઼ (خُلق)નું બહુવચન છે. જેનો અર્થ આદત, સ્વભાવિક ખસલત, સ્વભાવ કે પ્રકૃતિ છે. શરઈ ઈસ્તિલાહમાં અખ્લાક઼થી મુરાદ હુસ્ને બાતિન (અંતર–ભીતરની અચ્છાઈ) અથવા સારા ગુણો થાય છે. જેવી રીતે ખલ્ક઼ (خَلق)નો શબ્દ જાહેરી ખૂબસૂરતીના માટે વપરાય છે, એવી જ રીતે ખુલ્ક઼નો શબ્દ ભીતરની અચ્છાઈ (હુસ્ને બાતિન)ના માટે પણ વપરાય છે.

ઈમામ રાગિબ અસ્ફહાની رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"خَلق (ખલ્ક઼) તથા خُلق (ખુલ્ક઼) બંનેનો માદ્દો એક છે, જેમ કે શરબ (شَرب) તથા શુરબ (شُرب) તથા સરમ (صَرم). પરંતુ ખલ્ક઼ (خَلق) શબ્દ તે દેખાવો, શકલો તથા સૂરતોના માટે વપરાય છે જે જાહેરી આંખ વડે જો શકાય છે. અને ખુલ્ક઼ (خُلق) શબ્દ તે શક્તિઓ તથા ખાસિયતો માટે વપરાય છે જેને બાતિની (ભીતરની) આંખ વડે જોઈ શકાય છે. *(મુફર્રદાતુલ અલ્ફાઝિલ કુર્આન, પેજ–૧૫૯)*

અલ્લાહ તઆલાએ હુઝૂર નબી કરીમ ﷺને જાહેરી તથા બાતિની હુસ્નના સંપૂર્ણ પયકર બનાવ્યા હતા, એટલા માટે ઈમામ બુસૈરી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

فَاقَ النَّبِیّٖنَ فِی خَلْقٍ وَّفِیْ خُلُقٍ
وَلَمْ یُدَانُوْهُ فِیْ عِلْمٍ وَّلَا کَرَم

"હુઝૂરે અકરમ ﷺ જાહેરી તથા બાતિની હુસ્નમાં તમામ અંબિયાએ કિરામ علیہم السلام પર ફઝીલત લઈ ગયા, અને કોઈ ઈલ્મ તથા કરમમાં આપના નજીક પણ ન પહોંચી શક્યું."

એ જ હક઼ીક઼તને વર્ણવતાં ઈમામ અહમદ રઝાખાન رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

**તેરે ખુલ્ક઼ કો હક઼્ક઼ને અઝીમ કહા**
**તેરી ખલ્ક઼ કો હક઼્ક઼ને જમીલ કિયા**
**કોઈ તુઝસા હુવા હૈ ન હોગા શહા**
**તેરે ખાલિક઼ે હુસ્નો અદા કી ક઼સમ**

ઈમામ ફખ્રુદ્દીન રાઝી رحمۃ اللہ علیہએ 'ખુલ્ક઼'ની હક઼ીક઼ત અને તેના પ્રદર્શિત થવા વિશે પર ખૂબ જ બારીક તથા અર્થસભર ચર્ચા કરી છે, આપ 'ખુલ્ક઼'ની હક઼ીક઼ત વર્ણન કરતાં ફર્માવે છે :–

ખુલ્ક઼ (**خُلق**) નફ્સની તે ક્ષમતા (કેપેસીટી)ને કહે છે કે જે શખ્સ એનાથી સંબંધિત થાય તેના માટે સારાં કામોને અંજામ આપવું આસાન થઈ જાય છે. અને જાણી લો કે સારાં કામોને અંજામ આપવું એક અલગ ચીજ છે અને તેને સરળતાપૂર્વક અંજામ આપવું અલગ ચીજ છે. તો જ્યારે સારાં કામો સરળતાપૂર્વક (આપોઆપ) થવા લાગે તો એ વખતે તેને ખુલ્ક઼ (**خُلق**) કહે છે." *(અત્તફસીરુલ ક઼બીર, ૩૦/૮૧, રાઝી)*

## ★ બાઅખ્લાક઼ કોને કહેવાય ? ★

એનાથી સ્પષ્ટ થઈ રહ્યું છે કે જે ઈન્સાનને એ ખૂબી તથા ક્ષમતા મળી જાય કે તે સારાં કામો કશાય ખચકાટ વિના અંજામ આપવા લાગે તો તે શખ્સને ખુલ્ક઼ (અખ્લાક઼)વાળો કહેવામાં આવશે. દા.ત. એક માણસ જ્યારે કોઈ અવાજ સાંભળે છે તો તેના માટે તેને વિચારવું નથી પડતું કે તેને સાંભળે કે ન સાંભળે. (સંભળાય જ જતુ હોય છે) બલ્કે ખૂબ જ સહજ રીતે (સરળતાપૂર્વક) તથા કશાય ખચકાટ વિના તે અવાજ સાંભળી લે છે. એ જ પ્રમાણે જ્યારે કોઈ માણસની અંદરનો માનવ (આંતરીક રીતે) એવી રીતે સંવરી જાય કે તે વિના સંકોચે પોતાનો ગુસ્સો પી જાય, વિના કોઈ ખચકાટે પોતાના દુશ્મન પર સવાર થઈ જવા છતાં તેને ખુદાની રઝાને ખાતર માફ કરી આપે, તો તેને અખ્લાક઼વાળો કહેવામાં આવે છે. પરંતુ જો દુશ્મનને માફ કરવાના માટે તેણે સોચ વિચારથી કામ લેવું પડે, તે એવું વિચારતો રહે કે માફ કરું કે ન કરું ! અને પછી ઘણા ભારે મને તેને માફ પણ કરી આપે, તો એનું એ કામ છે તો સારું પરંતું એને અખ્લાક઼ કહેવાશે નહીં. કેમ કે અખ્લાક઼ સારાં કામોને એ રીતે અંજામ આપે છે કે તેના માટે કોઈ સંકોચ વિચારને સ્થાન નથી હોતું.

## ★ અખ્લાક઼નું વર્તુળ ★

અખ્લાક઼નું વર્તુળ દરેક તે કામ સુધી વિશાળ ફેલાયેલુ છે જે સારા કામ કે સદ્‌ગુણોમાં ગણાય છે. એટલે કે દરેક સારું કામ અખ્લાક઼માં સામેલ છે. અખ્લાક઼ અપનાવાથી મુરાદ એ છે કે માણસ દરેક સારા કામને અપનાવી લે.

ઈમામ રાઝી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"હુસ્ને ખુલ્ક઼ (સારા અખ્લાક઼)માં કંજૂસી, ગુસ્સો વગેરેથી બચવું પણ સામેલ છે, અને વહેવારમાં સખ્તીથી બચવું, વાણી તથા વર્તનમાં લોકો સાથે પ્રેમાળ વર્તાવ કરવો, સંબંધ કટ કરવા તથા લોકોને છોડવાથી બચવું, આ સર્વ ચીજો સામેલ છે." *(અત્તફસીરુલ ક઼બીર, ૩૦/૮૧, રાઝી)*

એનાથી સ્પષ્ટ થઈ રહ્યું છે અખ્લાકે઼ હસનાનું વર્તુળ દરેક તે ચીજને સમાવે છે જેને હુસ્ને બાતિન (સારું ભીતર) તથા સદ્‌ગુણો કહી શકાય છે.

## ★ અખ્લાકે઼ હસના (સુસંસ્કાર) અને નબવી તા'લીમાત ★

જો એવું કહેવામાં આવે કે બઅષતે નબવી (નબી ﷺના દુનિયામાં આગમન)નો હેતુ જ સુસંસ્કારની પરિપૂર્ણતાનો હતો તો બિલ્કુલ યોગ્ય ગણાશે, કેમ કે અખ્લાક઼નું વર્તુળ જ્યારે દરેક સારા કાર્યને સમાવે છે તો એમાં ઈબાદતો, મામલાઓ અને માનવજીવનનાં સર્વ પાસાંઓ આવે છે. હુઝૂરે અકરમ ﷺ ફર્માવે છે :–

"મને કેવળ એટલા માટે મોકલવામાં આવ્યો કે હું અખ્લાકી઼ કમાલોને પરિપૂર્ણતાએ પહોંચાડું." *(મુસ્નદે બઝ્ઝાર, ૧૦/૩૬૪)*

એનાથી સ્પષ્ટ થાય છે કે જે બંદાએ અખ્લાકે઼ હસનાને અપનાવી લીધા તેણે નબવી તા'લીમાતને અપનાવી લીધી. હુસ્ને અખ્લાક઼ (સુસંસ્કાર)થી સજ્જ થયેલ શખ્સને **શ્રેષ્ઠ વ્યક્તિ** ઠરાવતાં આપ ﷺએ ફર્માવ્યું : "તમારામાંથી શ્રેષ્ઠ વ્યક્તિ તે

છે જેના અખ્લાક઼ (સંસ્કાર) સારા હોય.'' *(મુસ્નદે બઝ્ઝાર, ૫/૧૩૫)*

હુઝૂરે અકરમ ﷺએ આ પણ ફર્માવ્યું કે, ''મો'મિનના મીઝાનમાં ક઼યામતના દિવસે સારા અખ્લાક઼ (સારી આદતો)થી ભારે કોઈ ચીજ હશે નહીં, અને **બેશક ! અલ્લાહ તઆલા ફુહશગો (બિભત્સ વાણીવાળા) અને બદ્અખ્લાક઼ શખ્સથી દુશ્મની** ધરાવે છે.'' *(સુનને તિર્મિઝી, હદીષ–૨૦૦૨)*

વિચારો કે જે શખ્સથી અલ્લાહ તઆલા દુશ્મની રાખે અને જે અલ્લાહ તઆલાનો દુશ્મન ઠરે તેને ક્યાં પનાહ મળશે ?!

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہ ફર્માવે છે કે તેમણે રસૂલે કરીમ ﷺને એવું કહેતાં સાંભળ્યા : ''શું હું તમને એ વ્યક્તિના બારામાં ન બતાવું જે મને **સૌથી અધિક પ્રિય** છે અને ક઼યામતના દિવસે મારી સૌથી નજીક હશે ?! આપે આ વાત બે કે ત્રણ વાર ફર્માવી. સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَએ અર્ઝ કરી કે, હા ! યા રસૂલલ્લાહ ! ﷺ ફર્માવો. તો આપ ﷺએ ફર્માવ્યું, તમારામાંથી **જેના અખ્લાક઼ સારા** હોય.'' *(અત્તરગીબ વત્તરહીબ, પેજ–૫૦૫, હદીષ–૩૯૧૯)*

હુઝૂરે અકરમ ﷺએ કામિલતરીન ઈમાનવાળો એ શખ્સને ઠરાવ્યો જેના અખ્લાક઼ સારા હોય. આપ ﷺએ ફર્માવ્યું, ''બેશક ! ઈમાનવાળાઓમાં **કામિલતરીન ઈમાનવાળો** તે છે જેના અખ્લાક઼ સારા હોય, અને જે પોતાનાં ઘરવાળાંઓ સાથે **સૌથી વધુ નરમી કરનારો** હોય.'' *(સુનને તિર્મિઝી, ૫/૯, હદીષ નં. ૨૬૧૨)*

એટલે કે જે શખ્સના અખ્લાક઼ જેટલા સારા હશે, તે પોતાનાં

ઘરવાળાંઓ સાથે જેટલા પ્રમાણમાં નરમી કરનાર હશે તેનું ઈમાન એટલુ જ અધિક કામિલ હશે.

હઝરત અબૂ અમામા رضی اللہ عنہ ફર્માવે છે :–

"હું તે શખ્સને જન્નતના કિનારામાં એક મહેલની ઝમાનત આપુ છું જે **ઝઘડો ખત્મ કરવા માટે પોતાનો હક્ક઼ છોડી આપે.** હું તે શખ્સને જન્નતના મધ્યમાં એક મહેલની ઝમાનત આપુ છું જે **મઝાક઼માં પણ જૂઠ ન બોલે.** અને હું તે શખ્સને જન્નતના ઉચ્ચતર મક઼ામ પર એક મહેલની ઝમાનત આપુ છું જેણે પોતાના **અખ્લાક઼ને સારા કરી લીધા.**" *(શોઅબુલ ઈમાન લિલ્ બયહક઼ી, હદીષ–૮૦૧૮,૬/૨૪૨)*

રસૂલે કરીમ ﷺના ઉપર વર્ણવેલ અમુક ફર્માનોથી સ્પષ્ટ થઈ રહ્યું છે કે જે શખ્સના અખ્લાક઼ સંવરી (સુધરી) ગયા, જે હુસ્ને અખ્લાક઼ની મહામૂલી દૌલત પામી ગયો તે જ કામિલતરીન ઈમાનવાળો છે, તે જ રસૂલે કરીમ ﷺનો મહબૂબ છે. ક઼યામતના દિવસે તેની જ નેકીઓનું પલ્લુ ભારે હશે. તે જ શખ્સ જન્નતના ઉચ્ચતમ મક઼ામ પર મહેલ પામનાર હશે. અને જે શખ્સના અખ્લાક઼ જ ન સંવર્યા (સુધર્યા) તે તો દીનની હક઼ીક઼તથી માઈલો દૂર રહ્યો, જો તે કાંઈ કરતો પણ રહ્યો તો કેવળ રસમો જ અદા કરતો રહ્યો પણ ઈમાનની મીઠાશથી મહેરૂમ રહ્યો.

## ★ અખ્લાક઼ે હસનાના ઉદ્ભવ સ્થાનો અને સીરતે તૈયબહ ★

ઈન્સાનનું જાહેર તેના અંતરનું પ્રતિબિંબ હોય છે. જે પણ જઝબાત, ખયાલાત તથા એહસાસો એના દિલમાં હોય છે તેનું પ્રદર્શન તેના અમલ તથા વર્તાવથી થાય છે. જો એવું કહેવામાં

આવે તો યોગ્ય ગણાશે કે માણસ પોતાના ખયાલો તથા ચિંતનોના તાબે હોય છે.

અખ્લાક઼ે હસનાનું સારું હોવું એક વિશ્વવ્યાપી હક઼ીક઼ત છે. કોઈપણ ઈન્સાન એવું નથી ચાહતો કે તે સારા અખ્લાક઼થી મેહરૂમ હોય. બુરા અખ્લાક઼વાળા બનવાનું તો કોઈ પણ શખ્સ પસંદ નથી કરતો, પરંતુ જો કોઈ ઈન્સાનની અમલી જિંદગી અખ્લાક઼ે હસનાના નૂરથી મુનવ્વર તથા ઉજ્જવળ ન હોય તો અખ્લાક઼ે હસનાનો કેવળ દાવો એક નિરર્થક અને ફોગટનું કાર્ય છે.

રસૂલે કરીમ ﷺની ઝાતે બાબરકતને અલ્લાહ તઆલાએ તમામ ઉચ્ચ અખ્લાક઼ોના સંપૂર્ણ સમૂહ બનાવ્યા છે. કુર્આને કરીમ જે ઉચ્ચ અખ્લાક઼ોને અપનાવાની હિદાયત કરે છે, રસૂલે કરીમ ﷺ એ તમામના કામિલ પયકર છે. એટલા માટે હઝરત સૈયદા આઈશા رضی اللہ عنہاથી જ્યારે રસૂલે કરીમ ﷺના અખ્લાક઼ના સંબંધે પૂછવામાં આવ્યું તો આપે ફર્માવ્યું : **كَانَ خُلُقُهُ الْقُرْآنُ** "આપ ﷺના ખુલ્ક઼ (અખ્લાક઼) કુર્આન હતા." *(મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ, ૪/૪૫૦)*

એટલે કે કુર્આને કરીમમાં જે અખ્લાક઼ે હસના (સુસંસ્કાર, સારી આદતો)ની તા'લીમ આપવામાં આવી, હુઝૂર ﷺની ઝાતે ગિરામી એનો સંપૂર્ણ નમૂનો (પયકર) હતા, કુર્આને કરીમ કિતાબ સ્વરૂપે કુર્આન છે અને હુઝૂરે અકરમ ﷺની ઝાતે અક઼દસ અમલી કુર્આન છે.

એના અનુસંધાનમાં અમુક આરિફો ફર્માવે છે કે જેવી રીતે કુર્આને કરીમમાં અમુક આયતો મુતશાબેહ છે જેના પર આપણુ ઈમાન તો છે, પંરતુ આપણે એની તાવીલ (અર્થઘટન) નથી

જાણતા. એવી જ રીતે રસૂલે કરીમ ﷺના અખ્લાક઼ે હસનાના અમુક મક઼ામ એવા છે જેની હક઼ીક઼ત સુધી આપણી પહોંચ શક્ય નથી. અવારિફુલ મઆરિફમાં છે કે હઝરત આઈશા رضی اللہ عنہاના આ ફર્માન "આપના અખ્લાક઼ કુર્આન હતા"માં ઘણુ ગાઢ રહસ્ય છે અને એમાં અખ્લાક઼ે રબ્બાનિયહ તરફ નિર્દેશ છે. આ ક઼ૌલથી આપની મુરાદ આ હતી :–

"આપ ﷺ અલ્લાહ તઆલાના અખ્લાક઼થી સંકલિત હતા અને આ અર્થને આપે એ રીતે અદા કર્યો કે આપનો ખુલ્ક઼ કુર્આન હતો. એ અઝમતે બારી તઆલા સબબ તથા કૈફિયતોને ગુપ્ત પર્દામાં રાખવાના કારણે કર્યું. એ આપની અક઼્લો દાનિશની હદ અને અદબ કમાલની કક્ષાની છે." *(મવાહિબુલ્લદુન્નિયા, ૨/૭૮૪)*

રસૂલે કરીમ ﷺની પૂરી જિંદગી જ ઉચ્ચ અખ્લાક઼નો શ્રેષ્ઠ શ્રોત છે જો કે અખ્લાક઼નું વર્તુળ દરેક અચ્છાઈ તથા ખૂબીને સમાવે છે, જેથી હુઝૂરે અકરમ ﷺના અખ્લાક઼ે હસનાના શ્રોતોમાંથી અમુક મહત્વની ચીજો વર્ણવવામાં આવે છે જેને અપનાવ્યા વિના કોઈ માનવી પોતાના વ્યક્તિત્વને પૂર્ણ નથી કરી શક્તો. જે શખ્સ ચાહતો હોય કે તે હુઝૂરે અકરમ ﷺના ઉચ્ચ સંસ્કારો (અખ્લાક઼ો) અપનાવવાનું સદ્‌ભાગ્ય પામે તો તેણે આ ચીજોને અનુસરવું પડશે :

## ★ માફી તથા દરગુઝર ★

દુશ્મનથી બદલો ન લેવો અને તેના પર સવાર થયા બાદ તેને માફ કરી દેવો એ રસૂલે કરીમ ﷺના સુસંસ્કારોનું એક મહત્વનુ પાસુ છે. કેમ કે બદલો લેનારો પોતાના નફસ સામે ઝુકી રહ્યો હોય છે અને માફ કરનારો પોતાના નફસ પર સવાર

થઈને પોતાના રબની સમક્ષ ઝુકી રહ્યો હોય છે અને ક઼ાબૂ પામ્યા પછી તેને માફ કરીને જાણે પોતાના ક઼ાબૂની ઝકાત આપી રહ્યો હોય છે. એટલા માટે રસૂલે કરીમ ﷺને માફી તથા દરગુઝર ખૂબ જ પસંદ હતું. આપ ﷺએ ફર્માવ્યું :

''જે માણસ પોતાનો ગુસ્સો કાઢવા શક્તિમાન હોય પછી તે (અલ્લાહ તઆલાની રઝાના ખાતર) પોતાનો ગુસ્સો પી જાય તો અલ્લાહ તઆલા તેના દિલને અમ્ન તથા ઈમાનથી ભરી દે છે. *(અલ્ઈહાદ વલ્મષાની, ૪/૪૭૮, હદીષ–૨૬૪૯)*

એ જ કારણે હુઝૂરે અકરમ ﷺએ કદી પોતાની ઝાતના માટે બદલો નથી લીધો. આપના અખ્લાક઼નું એક પ્રદર્શન આ છે :

''આપે **કદી પોતાની જાતના માટે બદલો નથી લીધો,** પણ એ કે અલ્લાહ તઆલાની હુર્મતને પાયમાલ કરવામાં આવે તો તે વખતે આપ અલ્લાહને ખાતર બદલો લેતા હતા'' *(મુસ્નદે ઈમામ અહમદ, ૪/૪૫૦)*

આપની પૂરી જિંદગી એના માટે સાક્ષી છે કે આપે કદી પોતાની જાતના માટે બદલો નથી લીધો બલ્કે માફી તથા દરગુઝરથી કામ લીધું.

ગઝવએ ઓહદના મોક઼ા પર આપનો મુક઼દસ ચહેરો ઝખ્મી થઈ ગયો. લોહી આપના મુબારક ચહેરા પર વહેવા લાગ્યું તો સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَના માટે આ ખૂબ જ દુઃખદ તથા પીડાકારક મોક઼ો હતો. તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ કાશ ! કે આપ તેઓના બર્બાદ થવાની દુઆ કરતા. તો આપ ﷺએ ફર્માવ્યું, ''મને લઅનત કરનારો બનાવીને નથી મોકલવામાં આવ્યો બલ્કે મને દાઈ (દાવત

આપનાર) તથા રહમત બનાવીને મોકલવામાં આવ્યો છે. હે અલ્લાહ ! મારી ક઼ૌમને માફ કરી આપ !" અથવા આપે અર્ઝ કરી કે. "હે અલ્લાહ ! મારી ક઼ૌમને હિદાયત આપી દે, કેમ કે તે જાણતી નથી," *(અશ્શિફા, બાબુલ હિલ્મ, ૧/૭૩)*

પરંતુ ગઝવએ ખંદકના પ્રસંગે દુશ્મનોનો સામનો કરતી વખતે આપની અસ્રની નમાઝ ક઼ઝા થઈ તો આપ ﷺએ અલ્લાહ તઆલાને અર્ઝ કરી : "હે અલ્લાહ ! એમના પેટોને આગ વડે ભરી દે જેમણે અમને અસ્રની નમાઝ ન પઢવા દીધી." *(મુસ્નદે ઈમામ અહમદ, હદીષ–૧૩૧૪, ૨/૪૩૬)*

હુઝૂરે અકરમ ﷺએ જ્યારે પણ બદલો લીધો તો અલ્લાહની હદોની પાયમાલી પર લીધો, પોતાની જાતના માટે કદી બદલો ન લીધો. મક્કાવાસીઓએ આપ ﷺની પવિત્ર જાત અને અન્ય મુસલમાનો પર જાત જાતના જુલ્મો સિતમ તોડયા હતા, તેમને વિવિધ રીતે જુલ્મો સિતમનું નિશાન બનાવવામાં આવ્યા હતા, તે જ મક્કાવાસીઓ મક્કાની ફતહના દિવસે ડર તથા બેક઼રારીની હાલતમાં આપના હુકમની રાહ જોઈ રહ્યા હતા, પરંતુ હુઝૂર ﷺ તેમના જુલ્મો સિતમ તથા સખ્તીઓ અને તકલીફોનો ઉલ્લેખ પણ પોતાની ઝબાન મુબારક પર નથી લાવ્યા. જ્યારે તેઓ ભયભીત હાલતમાં ગરદનો ઝુકાવીને આપ ﷺના હુકમની રાહ જોઈ રહ્યા હતા તો આપે એમને પૂછયું, હે લોકો ! તમારો શું ખયાલ છે ? હું તમારી સાથે કેવો સુલૂક કરનારો છું ?! તેમણે કહ્યું, "આપ કરીમ (દયાળુ) છો અને કરીમ ભાઈના સાહબઝાદા છો." આપ ﷺએ ફર્માવ્યું, "હું તમને તે જ કહું છું જે મારા ભાઈ યૂસુફ عليه السلامએ પોતાના ભાઈઓના માટે કહ્યું

હતું, اِذْهَبُوا فَاَنْتُمُ الطُّلَقَاءُ જાવ! તમે લોકો સૌ આઝાદ છો !''
*(સીરતે ઈબ્ને હિશામ, ૨/૪૧૧)*

જો આપ પોતાની જાતના માટે બદલો લેતા તો એ પ્રસંગે એમને માફ કરવામાં ન આવત, બલ્કે બોધ લેવાનો નમૂનો બનાવી દેત. પણ આપ ﷺએ આમ માફીનું એલાન ફર્માવ્યું તો એમની ગરદનો તો આઝાદ થઈ ગઈ, પરંતુ એમનાં દિલો આપના જમાલના ક઼ૈદી થઈ ગયાં અને તેઓ કેટલીયે પેઢીઓથી અપનાવેલા શિર્કને ત્યજીને ઈસ્લામના વર્તુળમાં પ્રવેશી ગયા !

હઝરત રાફેઅ બિન ખદીજ رضی اللہ عنہ ફર્માવે છે કે ગઝવએ અન્મારમાં અમે હુઝૂરે અકરમ ﷺની સાથે હતા. આપની ખબર સાંભળીને તે બદ્દુ પહાડો પર ચાલ્યા ગયા. ગુત્ફાને તેમના સરદાર દઅષૂર બિન હારિષને કહ્યું કે અત્યારે મુહમ્મદ ﷺ પોતાના સહાબીઓથી અલગ છે, પછી તમને આવો મોક઼ો મળશે નહીં ! તે તેજ તલ્વાર લઈને આવ્યો. તેણે આપ ﷺને એક ઝાડના નીચે આરામ કરતા જોયા તો તલ્વાર ખેંચીને આપના માથા પર ઉભો થઈ ગયો. આપ જાગી ગયા તો કહેવા લાગ્યો, ''તમને મારાથી કોણ બચાવશે ?!'' આપ ﷺએ ફર્માવ્યું, ''અલ્લાહ !''

હઝરત જિબ્રઈલ علیہ السلامએ એને દૂર હટાવી દીધો અને તે પડી ગયો. આપ ﷺએ તલ્વાર પકડીને ફર્માવ્યું કે હવે તને મારાથી કોણ બચાવશે ?! તેની પાસે એનો કોઈ જવાબ ન હતો. તે ધ્રુજતો કાંપતો ઉભો થયો. પણ આપ ﷺએ તેને માફ કરી દીધો. આપના આ સારા અખ્લાક઼થી પ્રભાવિત થઈને તે ઈસ્લામથી મુશર્રફ થઈ ગયો'' *(ઉપર મુજબ, ૨/૩૯, ૨/૪૮૨)*

## ★ માફીના અજોડ નમૂના ! ★

જયારે આપ ﷺની સાહબઝાદી હઝરત ઝયનબ رضی اللہ عنہاને એમના પતિ અબુલ આસે મદીના મુનવ્વરા મોકલ્યાં તો માર્ગમાં કુરૈશના અમુક લોકો રુકાવટ બન્યા. એમનામાંથી એક હબાર બિન અસ્વદ પણ હતો. એણે હઝરત ઝયનબ رضی اللہ عنہاને ઊંટ પરથી ફેંકી દીધાં હતાં. આપ સગર્ભા હતાં, પથ્થર પર પડયાં તો ગર્ભ પડી ગયો અને એ ઝખ્મી પણ થયાં અને બાદમાં એ જ ઝખ્મના કારણે મૃત્યુ પણ પામ્યાં.

મક્કા ફતહ થયું તો એ શખ્સ એ લોકોના લિસ્ટમાં હતો જેમને વાજિબુલ ક઼ત્લ ઠરાવવામાં આવ્યા હતા. તે મક્કાથી નાઠો અને ઈરાન જવા ચાહતો હતો. જયારે રસૂલે અકરમ ﷺ જિઈર્રાનાથી પરત તશરીફ લાવ્યા તો બારગાહે રિસાલત મઆબ ﷺમાં હાજર થયો અને અર્ઝ કરવા લાગ્યો કે યા રસૂલલ્લાહ ! ﷺ હું આપની પાસેથી ભાગીને શહેર શહેર ફરતો રહ્યો. મેં વિચાર્યું હતું કે હું ઈરાન ચાલ્યો જઈશ. પછી મને આપનો કરમ, સિલએ રહમી તથા માફી અને દરગુઝર યાદ આવી ગયાં. મને મારી ખતા તથા ગલતીનો એહસાસ છે, તમે મને માફ કરી આપો ! જેથી આપ ﷺએ એને કોઈ સજા ન આપી અને ફર્માવ્યું, જા ! મેં તને માફ કર્યો. *(સીરતુલ હલબિયા, ૨/૩૯)*

જે માણસે કોઈની દીકરી પર આ પ્રમાણે જુલ્મો સિતમ કર્યો હોય તેને માફ કરવાની કલ્પના પણ નથી કરી શકાતી, પરંતુ આ મારા રસૂલે કરીમ ﷺની શાને અફવો કરમ છે કે આપે તેને પણ માફ કરી આપ્યો.

આ થોડાંક દૃષ્ટાંતોથી એ સ્પષ્ટપણે જાહેર થઈ રહ્યું છે કે

હુઝૂર ﷺના પ્રદર્શિત થતા અખ્લાક઼ોમાંથી એક માફી તથા દયા પણ છે કે આપ ﷺએ પોતાની જાતના માટે કદી પણ બદલો નથી લીધો બલ્કે હમેશાં માફી તથા દરગુઝર કરેલ છે.

## ★ હાથ નીચેના લોકો સાથે સદવર્તાવ ★

સામાન્યત : માણસ જ્યારે પોતાના સમકક્ષ લોકો સાથે વહેવાર કરે છે તો અખ્લાક઼ બાબતે કાળજી રાખે છે, કેમ કે તે તેમની સાથે વહેવાર કરવામાં કોઈ પણ ચીજ તેમના કરતાં પોતાની અંદર વધારે (ચડિયાતી) નથી પામતો. પરંતુ જ્યારે તે પોતાના હાથ નીચેના લોકો સાથે વર્તે છે તો તેનું હુંપદ તેની હદે પહોંચી જાય છે, તે સર્વ અખ્લાક઼ી ઉચ્ચતાઓને પાયમાલ કરી દે છે. ન તો તે તેમના હક઼્કોની કાળજી લે છે અને ન તો તેમની ઈજ્જતની. તે એમને પોતાના જેવા માણસ નહીં બલ્કે કોઈ અન્ય મખ્લૂક઼ સમજીને તેમની સાથે મામલો કરે છે.

હુઝૂર નબી કરીમ ﷺએ જે ઉચ્ચ અખ્લાક઼ોની તાલીમ આપી છે એનું એક મહત્વનુ પાસુ એ છે કે આપે હમેશાં પોતાના હેઠળના લોકોના હક઼્કોની અદાયગીનો ન કેવળ હુકમ આપ્યો બલ્કે તેમના સન્માન અને પ્રતિષ્ઠાનો પણ પૂરે પૂરો ખયાલ રાખ્યો છે. પોતાના સમકક્ષ લોકો સાથે અખ્લાક઼ની ઉચ્ચતાની કાળજી રાખતાં વહેવાર કરવો એ વ્યાપારિક દ્રષ્ટિની એક ચીજ બની જાય છે, પરંતુ પોતાના ગુલામો, નોકરો અને હાથ નીચેના લોકો સાથે ઉચ્ચ અખ્લાક઼ ભર્યું વર્તન સાચવી રાખી વહેવાર કરવો એ તે માણસના ઉચ્ચ અખ્લાક઼વાળા (સુસંસ્કારી) હોવાની દલીલ હોય છે.

રસૂલુલ્લાહ ﷺના ખાદિમ હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ફર્માવે છે : ''મેં રસૂલે કરીમ ﷺની દસ વરસ ખિદમત

કરી. આપે મને કદી ઉફ સુધ્ધાં નથી કહ્યું. મેં જે પણ કામ કર્યું, આપ ﷺએ કદી મને નથી ફર્માવ્યું કે આવું કેમ કર્યું ?! અને જે કામ નથી કર્યું, તો આપે મને કદી નથી કહ્યું કે કેમ ન કર્યું ?! અને રસૂલલ્લાહ ﷺ અખ્લાકના એતબારથી પણ તમામ લોકોથી સારા હતા. મેં કદી કોઈ ઊની કે રેશમી કપડુ નથી સ્પર્શ્યું અને કોઈ એવી ચીજ નથી જોઈ જે આપ ﷺની હથેળીથી અધિક નરમ હોય, અને ન તો મેં કોઈ કસ્તૂરી તથા ઈત્ર સૂંઘ્યું જે રસૂલુલ્લાહ ﷺના પસીનાથી વધુ સુગંધિત હોય.'' *(શમાઈલુલ્ મુહમ્મદિયા, પેજ–૧૪૧)*

જો કોઈ શખ્સ પોતાના હેઠળનાઓ સાથેના મામલાને પોતાની નિસ્બતથી જુએ છે તો એમાં ઘમંડ તથા તકબ્બુર પેદા થાય છે. અને જ્યારે તે પોતાના અને તેમના મામલાને અલ્લાહની નિસ્બતથી જુએ છે તો એનામાં અખ્લાકી ઉચ્ચતા ઉદ્ભવ પામે છે. હઝરત અબૂ મસ્ઊદ رضی اللہ عنہ ફર્માવે છે કે હું એક દિવસ કોઈ વાત પર મારા ગુલામથી નારાજ થઈ ગયો અને તેને કોરડા વડે મારવા લાગ્યો. એટલામાં મારા પાછળથી અવાજ આવ્યો, ''હે અબૂ મસ્ઊદ ! જાણી લો !'' પણ હું સખત ગુસ્સાની હાલતમાં હોવાના કારણે અવાજ ઓળખી ન શક્યો. જ્યારે અવાજ આપનાર મારી નજીક આવી ગયો તો મેં જોયું કે તે રસૂલે કરીમ ﷺ છે ! અને ફર્માવી રહ્યા છે : ''હે અબૂ મસ્ઊદ ! **જાણી લો ! તમને આ ગુલામ પર જેટલા પ્રમાણમાં કાબૂ હાંસલ છે એનાથી વધુ કાબૂ તમારા પર અલ્લાહ તઆલાને હાંસલ છે.''**

આપ (અબૂ મસ્ઊદ) ફર્માવે છે કે આ સાંભળીને કોરડો મારા હાથેથી પડી ગયો. મેં કહ્યું કે હવે હું કદી પણ આ ગુલામને

મારીશ નહીં, હું આ ગુલામને અલ્લાહને ખાતર આઝાદ કરું છું. આ વાત સાંભળીને હુઝૂર નબી કરીમ ﷺએ ફર્માવ્યું, "હા ! જો તમે એવું ન કરત તો તમને આગ સ્પર્શી જાત." *(જામિઉલ ઉસૂલ, હદીષ–૫૮૯૬, ૮/૫૬)*

વિચાર કરો ! હુઝૂર નબી કરીમ ﷺ પોતાના હાથ નીચેનાઓ સાથે કેવો વર્તાવ કરવાની સૂચના આપતા હતા. આપે તાકીદ ફર્માવી કે પોતાના ગુલામોને તે જ ખવડાવો જે ખુદ ખાવ છો, અને તેમને એવું જ પહેરાવો જે ખુદ પહેરો છો. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ફર્માવે છે કે એક શખ્સે હુઝૂર ﷺને પૂછયું કે અમે **ખાદિમને એક દિવસમાં કેટલી વાર માફ** કરી દીધા કરીએ ? આપ ﷺ ખામોશ રહ્યા. તેણે બીજીવાર પૂછયું તો આપ ﷺ ખામોશ રહ્યા. તેણે ફરી એ જ સવાલ કર્યો, તો આપ ﷺએ ફર્માવ્યું, "તેને દરરોજ **સિત્તેરવાર માફ** કરી દીધા કરો." *(સુનને અબૂ દાઊદ, હદીષ–૫૧૬૬,૪/૫૦૪)*

હુઝૂરે અકરમ ﷺએ ગુલામોના વિશે ફર્માવ્યું, "એ તમારા ભાઈ છે જેમને અલ્લાહ તઆલાએ તમારા તાબા હેઠળ કરી આપ્યા છે. તો જેના હાથ હેઠળ તેનો ભાઈ હોય તેણે જોઈએ કે જે પોતે ખાય છે તેને પણ તે જ ખવડાવે અને જે ખુદ પહેરે છે તેને પણ તે જ પહેરાવે. તેની પાસેથી તેની શક્તિ બહારનું કોઈ કામ ન લે. જો તેને કોઈ કામ એવું કહી આપે તો પોતે પણ તેની મદદ કરે."*(સુનને અબૂ દાઊદ, હદીષ–૫૧૬૦, ૪/૫૦૫)*

રસૂલુલ્લાહ ﷺના ખાદિમ હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે આપ ﷺએ મને કોઈ કામના માટે મોકલ્યો. મેં કહ્યું કે ખુદાની ક઼સમ ! હું ત્યાં જઈશ નહીં, અને મારા દિલમાં એવું હતું

કે મને રસૂલુલ્લાહ ﷺએ હુકમ આપ્યો છે જેથી હું ત્યાં જઈશ. હું તે કામના માટે નીકળ્યો. બજારમાં કેટલાંક બાળકો રમી રહ્યાં હતાં, હું ત્યાં ઉભો થઈ ગયો. પછી રસૂલુલલાહ ﷺ ત્યાં તશરીફ લાવ્યા. આપ ﷺએ (પ્યારથી) મને બોચીમાંથી પકડયો તો મેં જોયું કે આપ ﷺ સ્મિત કરી રહ્યા હતા, અને મને ફર્માવ્યું કે હે અનસ ! મેં તમને જ્યાં જવાનું કહ્યું છે ત્યાં ચાલ્યા જાવ ! મેં અર્ઝ કરી કે, હા ! યા રસૂલલ્લાહ ! ﷺ હું જાઉં છું." *(સુનને અબૂ દાઊદ, હદીષ–૪૮૭૫, ૪/૩૯૨)*

આ પરથી સારી રીતે અંદાજો કરી શકાય છે કે હુઝૂરે અકરમ ﷺ પોતાના હાથ હેઠળના લોકો સાથે કેવો વહેવાર કરતા હતા. આપ ﷺને એ લોકોની બેહતરી તથા તેમની સાથે સદવર્તાવ એટલા પ્રમાણમાં પ્રિય હતો કે આપ ﷺએ જાહેરી હયાતથી પર્દો ફર્માવતી વખતે પણ નમાઝની સાથે એ જ ચીજની હિદાયત કરી. હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہا ફર્માવે છે કે જે બીમારીમાં હુઝૂર ﷺનો વિસાલ થયો, એમાં આપ ﷺ આખરી દમ સુધી આ જ ફર્માવતા રહ્યા : હે લોકો ! નમાઝનો ખયાલ રાખજો અને તમારા ગુલામોનો ખયાલ રાખજો." *(સુનને ઈબ્ને માજહ, હદીષ–૧૬૨૫, ૧/૫૧૯)*

સીરતે તય્યબહના આ પાસાથી સ્પષ્ટ થઈ રહ્યું છે કે આપ ﷺના અખ્લાક઼ે હસના (સુસંસ્કાર)નું એક પાસુ પોતાના હેઠળ ના લોકો સાથે મુરવ્વત તથા અખ્લાક઼થી વર્તવામાં આવે.

## ★ મુરવ્વત (સભ્યતા) તથા સામાનો લેહાઝ કરવો ★

નબી કરીમ ﷺના ઉમદા અખ્લાક઼નું એક પાસુ મુરવ્વત

તથા સામી વ્યક્તિનો લેહાઝ રાખવું છે. એનાથી મુરાદ એ છે કે માણસે કોઈ પણ જાનદાર સાથે કોઈ મામલો કરતી વખતે સભ્યતાના ધોરણને ત્યજવું ન જોઈએ. રસૂલે કરીમ ﷺ કોઈપણ જીવંત (જાનદાર) એટલે સુધી કે કોઈ અત્યંત બુરા માનવ અને પોતાના દુશ્મન સાથે પણ મામલો કરતાં (વર્તતી વેળા) અખ્લાક઼ના ધોરણનો ભરપુર ખયાલ રાખતા હતા. એનાથી મુરાદ એ છે કે જો કોઈ ઈન્સાનની કોઈ ઈન્સાન સાથે દુશ્મની છે પણ...

**તઅલ્લુક઼ તોળ દેનેકે ભી કુછ આદાબ હોતે હૈં**
**કિસીકો છોળ દેને કે ભી કુછ આદાબ હોતે હૈં**

માનવી તો છેવટે માનવી હોય છે, તે **સર્વ મતભેદો છતાં એક માનવ તરીકે સન્માનને પાત્ર હોય છે.** હુઝૂરે અકરમ ﷺએ તો જાનવરોના મામલામાં પણ અખ્લાક઼ (સભ્યતા)ના ધોરણની સાચવણી કરવાની તાકીદ કરી છે. હઝરત શદ્દાદ બિન ઓવૈસ رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :

"બેશક ! અલ્લાહ તઆલાએ દરેક મામલામાં હુસ્ને સુલૂક (સદવર્તાવ)નો હુકમ આપ્યો છે, ત્યાં સુધી કે જો તમે ક઼ત્લ કરો તો ક઼ત્લમાં પણ અહસાનને બાકી રાખો. અને જો જાનવરને ઝબહ કરો તો તેને ઉમદા રીતે ઝબહ કરો. અને તમારામાંથી કોઈ પણ હોય ઝબહ કરતા પહેલાં પોતાની છરીને તેજ કરી લે અને પોતાના ઝબીહા (ઝબહ થનાર)ને રાહત પહોંચાડે." *(સુનને નિસાઈ, ૭/૨૨૭)*

એનાથી મુરાદ એ છે કે જો વાત ક઼ત્લ સુધી પણ પહોંચી જાય તો ભલાઈ તથા બુરાઈ એની જગા પર રહે, એ મૌક઼ા પર પણ મુરવ્વત (સભ્યતા)થી કામ લેવું જોઈએ કે એને વાર કરીને

કત્લ કરી દો. એવું ન થાય કે પ્રથમ તેના હાથ કાપો, પછી પગો અને તેને તડપાવી તડપાવીને મારો. અને એવું પણ ન થાય કે કોઈને તેના બાળકોની સામે લાવીને કત્લ કરવામાં આવે. આ સર્વ ચીજો મુરવ્વતની વિરૂધ્ધ છે. જાનવરને ઝબહ કરવું હોય તો બુઠ્ઠી છરી વડે ઝબહ ન કરો જેથી એને વધુ તકલીફ ન થાય, છરી તેજ હોવી જોઈએ. અને એ કે જાનવરને અન્ય જાનવરો સામે ઝબહ કરવામાં ન આવે, અને ઝબહ કરતા પહેલાં પાણી પીવડાવવામાં આવે. આ સર્વ ચીજોની મુરવ્વત (સભ્યતા, સદવર્તાવ)માં ગણના થાય છે. અને રસૂલે કરીમ ﷺએ મુરવ્વતની ખૂબ જ તાકીદ કરી છે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એક શખ્સની પાસેથી પસાર થયા જે એક બકરીની ગરદન પર પગ રાખીને પોતાની છરી તેજ કરી રહ્યો હતો અને તે એની તરફ જોઈ રહી હતી. આપે ફર્માવ્યું :

"તેં આ કામ પહેલાં કેમ ન કરી લીધું, શું તું એને બેવાર મારવા ચાહે છે ?!" *(કન્ઝુલ ઉમ્માલ, હદીષ–૧૫૨૮, ૬/૬૨૫)*

એ જ કારણે રસૂલુલ્લાહ ﷺએ મુષ્લહ (અંગોને કાપવા)થી મના ફર્માવ્યું, કેમ કે કત્લ થનારનું મુષ્લહ કરવું (અંગોને કાપવું) એ મુરવ્વત તથા સભ્યતાના ધોરણની વિરૂધ્ધ છે. આપ ﷺએ ફર્માવ્યું :–

"જેણે કોઈ જાનદારને મુષ્લહ કર્યું, પછી તેણે તૌબા ન કરી તો અલ્લાહ તઆલા કયામતના દિવસે તેને મુષ્લહ કરી દેશે. *(મુસ્નદે ઈમામ અહમદ, ૯/૪૮૪)*

રસૂલે કરીમ ﷺએ સામાનો લેહાઝ રાખવાની (મદારાતની) સૂચના આપી છે પરંતું ખુશામદથી મના કર્યું છે.

**લેહાઝ કરવાથી મુરાદ એ છે કે ઈન્સાન બાતિલના માટે એવી નરમી ન બતાવે કે તે હક઼્ક઼થી દૂર થઈ જાય,** એટલે કે હક઼્ક઼ની સાથે સંપૂર્ણ સંબંધ રાખે. અખ્લાક઼ી હદોનો લેહાઝ કરવાને 'મદારાત' કહે છે અને બાતિલ સાથે એવી નરમી કે માણસ બાતિલને ખુશ કરવા માટે હક઼્ક઼થી દૂર થઈ જાય એ 'મુદાહનત' કહેવાય છે.

કોઈને ભૂખ્યો તરસ્યો રાખીને અને તેના હાથ પગ કાપીને એને ક઼ત્લ કરવો મદારાતની વિરૂધ્ધ છે અને હુઝૂરે અકરમ ﷺના અખ્લાક઼ે આલિયા મદારાતની તાલીમ આપે છે કે **દુશ્મનીમાં પણ અખ્લાક઼ી હદો તથા ક઼ાયદાઓની પાબંદી થવી જોઈએ.** હુઝૂરે અકરમ ﷺ કેટલા પ્રમાણમાં મુરવ્વત તથા મદારાતની તલ્ક઼ીન કરતા અને માણસના સ્વમાનની કેટલા પ્રમાણમાં કાળજી રાખવી જોઈએ એના વિશે હઝરત સૈયદા આઈશા સિદીક઼ા رضی اللہ عنہا ફર્માવે છે :

"જ્યારે રસૂલે અકરમ ﷺની પાસે કોઈ શખ્સની કોઈ ફરિયાદ પહોંચતી તો આપ ﷺ એવું કદી ન ફર્માવતા કે ફલાણા શખ્સને શું થઈ ગયું છે કે તે આ પ્રમાણે કહે છે, બલ્કે આપ ફર્માવતા હતા કે લોકોને શું થઈ ગયું છે કે તેઓ આ પ્રમાણે કહે છે ?!" *(સુનને અબૂ દાઊદ, ૪/૩૯૭)*

આપ ﷺની આ રીતભાત મુરવ્વત તથા મદારાતની (સભ્યતા તથા લેહાઝ કરવાની)ની ઉચ્ચતમ સ્થિતિને પ્રદર્શિત કરે છે કે આપ ﷺએ કોઈ વ્યક્તિનું નામ ન લઈને તેના સ્વમાનને પણ બાકી રાખ્યું અને સામાન્ય અંદાઝમાં વાત કરીને તેની ઈસ્લાહ (સુધારણા) પણ કરી આપી.

હઝરત સૈયદા આઈશા સિદીક઼ા رضی اللہ عنہا ફર્માવે છે, એક

વાર એક શખ્સે રસૂલુલ્લાહ ﷺની પાસે હાજરીની ઈજાઝત ચાહી અને હું પણ હુઝૂરે અકરમ ﷺની પાસે મૌજૂદ હતી. હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું કે આ પોતાના કબીલાનો ઘણો જ બુરો માણસ છે. જ્યારે તે આપ ﷺની ખિદમતમાં હાજર થયો તો આપે એની સાથે ખૂબ જ નરમી સાથે વાતચીત કરી. જ્યારે તે ચાલ્યો ગયો તો મેં અર્ઝ કરી કે યા રસૂલુલ્લાહ ! ﷺ આપે તો આવું કહ્યું હતું, અને પછી આપે એની સાથે આ પ્રમાણે નરમીથી વાતચીત કરી ?! તો આપ ﷺએ ફર્માવ્યું, "હે આઈશા ! **લોકોમાં સૌથી બુરો શખ્સ** તે છે કે લોકો જેની ફુહુશ કલામી (બિભત્સ વાણી)ના કારણે તેની સાથે વાત કરવાનું ત્યજી દે." *(તિર્મિઝી, ૪/૩૫૯)*

એનાથી સ્પષ્ટ થઈ રહ્યું છે કે **એક બુરા માણસની સર્વ બુરાઈઓ જાણવા છતાં, તેની સાથે બધી જ રીતે મતભેદ હોવા છતાં તેની સાથે સભ્યપણે તથા સદ વર્તાવથી વાતચીત કરવી એ હુઝૂર ﷺનો મહત્વનો પૈગામ છે.** માણસ મદાહનતથી કામ લે પરંતુ મુરવ્વત તથા મદારાતનો દામન પણ ન છોડે, એ જ સીરતે નબવી ﷺનો પૈગામ છે.

## ★ સગાં સાથે સદવર્તાવ અને સંબધ જોડવું ★

આમાં રસૂલે અકરમ ﷺના ઉચ્ચ અખ્લાક઼નું પ્રદર્શિત થવું છે. સગા સાથે સદવર્તાવ (સિલાએ રહમી)થી મુરાદ સંબંધોને તૂટવાથી બચાવવું અને એમના વચ્ચે સંબંધોને મજબૂત પાયાઓ પર ક઼ાયમ કરવું છે. અને આ શબ્દ પોતાના ભાવાર્થમાં સગાં સંબંધીઓ સાથે સદવર્તાવ કરવાના માટે વપરાય છે. આ પણ ઘણો જ પ્રશંસાપાત્ર અમલ છે. કુર્આન તથા સુન્નતમાં એની ખૂબ

જ પ્રમાણમાં તાક઼ીદ તથા પ્રશંસા કરવામાં આવી છે. પરંતું **સંબંધ જોડવાથી મુરાદ એ છે કે જો કોઈ શખ્સ તમારી સાથે સંબંધ તોડવા પણ ચાહે તો આપ ઉચ્ચ અખ્લાક઼ એ રીતે પ્રદર્શિત કરો કે તે સંબંધો તૂટવાથી બચી જાય. સંબંધ તોડવાવાળા સાથે સંબંધ જોડવા અને તેમાં પોતાના અહમને રુકાવટ ન થવા દેવું એ ઉચ્ચ અખ્લાક઼નું પ્રદર્શન છે.**

રસૂલે કરીમ ﷺના અખ્લાક઼ે હસાનાનું એક પાસુ એ પણ છે કે આપ ﷺ કેવળ એની જ સાથે સંબંધ મજબૂત કરતા ન હતા જે આપની સાથે સંબંધ મજબૂત કરવા ચાહતો, બલ્કે જે શખ્સ આપ ﷺ સાથે સંબંધ તોડવા ચાહતો તો આપ ﷺ એની સાથે એવો ઉચ્ચ વર્તાવ કરતા કે તે સંબંધ તૂટવાથી બચી જતો, અને નફરતોને બદલે મહબ્બતો ઉછેર પામતી. જો કોઈ શખ્સ સંબંધો ક઼ાયમ રાખવા ચાહે તો તેની સાથે સંબંધો રાખવા કોઈ મુશ્કેલ કામ નથી હોતું, એ તો એક પ્રકારનો વ્યાપાર છે કે જોડવાના જવાબમાં જોડવું અને તોડવાના જવાબમાં તોડવુ. પરંતું તોડવાના જવાબમાં જોડવું એ અખ્લાક઼ે હસનાનું પ્રદર્શન છે. અલ્લાહ તઆલાએ હુઝૂરે અકરમ ﷺને આ જ ઉચ્ચ અખ્લાક઼ના પયકર બનાવ્યા હતા. સામાન્ય માણસ તો સંબંધ તોડનાર સાથે સંબંધ જોડવાનો પાબંદ નથી, પરંતું હુઝૂરે અકરમ ﷺને અલ્લાહ તઆલાએ જે આદાબની તાલીમ આપી છે તેનું એક પાસુ એ પણ હતું કે ભલાઈના જવાબમાં પણ ભલાઈ, અને બુરાઈના જવાબમાં પણ ભલાઈ, જોડવાવાળા સાથે પણ જોડવું અને તોડવાવાળાથી પણ જોડવું. હુઝૂરે અકરમ ﷺ ફર્માવે છે :

''મારા રબે મને નવ વાતોનો હુકમ આપ્યો છે, છુપી તથા

જાહેર દરેક હાલતમાં અલ્લાહ તઆલાથી ડરતો રહું, ગુસ્સામાં હોઉં કે ખુશીમાં દરેક હાલતમાં ઈન્સાફની વાત કહું, ગરીબી તથા અમીરી બંનેવ હાલતોમાં મધ્યમ માર્ગ પર કાયમ રહું, જે મારી સાથે સંબંધ તોડે હું એની સાથે સંબંધ જોડું, જે મને ન આપે હું તેને આપું, જે મારા પર જુલ્મ કરે હું તેને માફ કરી દઉં, મારી ખામોશી ચિંતન પર આધારિત હોય, મારું બોલવું યાદે ઈલાહીનું બોલવું, અને મારું જોવું ઈબ્રતનું (બોધ ગ્રહણ માટેનું) જોવું હોય." *(જામિઉલ ઉસૂલ, પેજ–૬૮૭)*

આ હદીષે પાક હુઝૂર ﷺની જીવન પધ્ધતિ અને આપના ઉમદા અખ્લાક઼ને સમજવાના માટે માઈલ સ્ટોનની હૈસિયત ધરાવે છે. એમાં એ પણ ફર્માવવામાં આવ્યું છે કે સંબંધ તોડવાવાળા સાથે સંબંધ જોડવો એ હુઝૂર ﷺને અલ્લાહ તઆલાનો હુકમ હતો, કેમ કે જોડવાવાળા સાથે જોડવું એ કોઈ કમાલ નથી હોતો. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہما ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું,

"બદલામાં જોડવાવાળો એ જોડનાર નથી હોતો, અસ્લમાં જોડવાવાળો એ હોય છે કે જ્યારે તેની સાથે સંબંધ કટ કરવામાં આવે તેમ છતાં તે સંબંધ જોડે." *(સુનને કુબરા લિલ્બયહક઼ી, ૭/૨૭)*

હઝરત ખદીજા رضی اللہ عنہا ફર્માવે છે કે, "કમજોર રાયવાળા ન બની જાવ કે તમે કહો કે જો તમે લોકો અમારી સાથે સારો વર્તાવ કરશો તો અમે પણ તમારાથી સારો સુલૂક કરીશું અને જો તેઓ અમારા પર જુલ્મ કરશે તો અમે પણ તેમની ઉપર જુલ્મ કરીશું. બલ્કે પોતે પોતાને એ ચીજના આદી બનાવો કે તમે એવું વિચારો કે જો લોકો તમારી સાથે સારો વર્તાવ કરશે તો તમે તેમની સાથે

સારો વર્તાવ કરશો, અને જો તમારી સાથે જુલ્મ કરશે તો પણ તમે તેમના પર જુલ્મ નહીં કરો.'' *(સુનને તિર્મિઝી, ૪/૩૬૩)*

એટલે કે સંબંધો જોડવામાં વેપાર નથી, બલ્કે એક તરફી શુભેચ્છાને પ્રદર્શિત કરવી પડશે. જે રસ્તામાં કાંટા પાથરે એના માર્ગમાં પણ ફૂલ બિછાવવાં. જે શખ્સને એ ખયાલ મળી ગયો તેને અખ્લાક઼ે નબવીના અન્વાર મળી ગયા. આ એવો અમલ છે જે અલ્લાહ તઆલાને એટલો પ્રિય છે કે અલ્લાહ તઆલા એને અપનાવનારની ઉમરમાં પણ બરકત આપી દે છે. રસૂલે કરીમ ﷺ ફર્માવે છે :

''જે શખ્સ એવું ચાહતો કે એની રોજીમાં વધારો થાય અને એની ઉમર લાંબી થાય તો એણે જોઈએ કે સિલએ રહમી (સગાં સાથે સદવર્તન) કરે.'' *(સહીહ મુસ્લિમ, હદીષ-૬૪૦૦)*

આપે એને સૌથી અફઝલ અમલ ઠરાવતાં ફર્માવ્યું, ''બેશક ! ફઝીલતવાળાં કામોમાં સૌથી વિશેષ ફઝીલતવાળુ કામ એ છે કે તું એ શખ્સ સાથે સંબંધ જોડે જે તારી સાથે સંબંધ તોડે, તું એને અતા કરે જે તને વંચિત રાખે, અને તું એને માફ કરે જે તારા પર આક્ષેપો લગાડે.'' *(મોઅજમે કબીર, ૨૦/૧૮૮)*

સંબંધ તોડવો હુઝૂરે અકરમ ﷺને અનહદ નાપસંદ હતો. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબી અવફા رضی اللہ عنہ ફર્માવે છે કે એકવાર અમે હુઝૂરે અકરમ ﷺની ખિદમતમાં હાજર હતા. આપ ﷺએ ફર્માવ્યું કે આજે કોઈ સંબંધ તોડનારો અમારી પાસે ન બેસે. જેથી એક નવયુવાન એ મજલિસથી ઉઠયો. એને પોતાની માસી સાથે કોઈ બાબતે ઝઘડો થઈ ગયો હતો. તેણે પોતાની માસી પાસે માફી માગી અને પછી તે હુઝૂરે અકરમ

ﷺની ખિદમતમાં હાજર થયો તો આપ ﷺએ ફર્માવ્યું, **''બેશક ! અલ્લાહ તઆલાની રહમત એ ક઼ૌમ પર નાઝિલ નથી થતી જેમનામાં કોઈ સંબંધ કટ કરવાવાળો મૌજૂદ હોય.''** *(શોઅબુલ ઈમાન, હદીષ–૭૫૯૦, ૬/૨૨૩)*

સંબંધ જોડનારો અન્યોની સામે પોતાની આજીજીને પ્રદર્શિત કરી રહ્યો હોય છે અને તેની સાથે સંબંધ ન તોડવાની વિનવણી કરી રહ્યો હોય છે. પરંતુ હક઼ીક઼તમાં તે પોતાના ઉચ્ચ અખ્લાક઼ોનું પ્રદર્શન કરીને રહમતે ઈલાહીના પાત્ર પણ બની રહ્યો હોય છે, અને એના પર અખ્લાક઼ી ઉચ્ચતા પામવાની સાબિતી પણ આપી રહ્યો હોય છે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે એક શખ્સે અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ મારાં અમુક સગાંઓ એવાં છે કે હું એમની સાથે સંબંધ જોડુ છું પણ તેઓ મારી સાથે સંબંધ તોડે છે. હું એમની સાથે ભલાઈ કરું છું પણ તેઓ મારી સાથે બુરાઈ કરે છે. હું એમની સાથે સહનશીલતાથી વર્તુ છું પણ તેઓ મારી સાથે જેહાલતભર્યુ વર્તન કરે છે. આપ ﷺએ એની વાત સાંભળીને ફર્માવ્યું : ''જો વાત એ જ પ્રમાણે છે જે પ્રમાણે તમે કહી તો તમે તેમને સળગતી રાખ ખવડાવી રહ્યા છો, અને જ્યાં સુધી તમે એવું જ કરતા રહેશો તો અલ્લાહ તઆલાની તરફથી એમના મુક઼ાબલામાં તમારો એક મદદગાર રહેશે.'' *(સહીહ મુસ્લિમ, હદીષ–૬૪૦૨)*

હઝરત અબુલ અહવસ رضی اللہ عنہના પિતાએ રસૂલુલ્લાહ ﷺને અર્ઝ કરી કે યા રસૂલુલ્લાહ ! ﷺ જરા મારા મામલામાં વિચારણા કરો, મારો એક કાકાનો પુત્ર છે. હું તેની પાસે જાઉં છું,

એની પાસે કોઈ ચીજ માગું છું તો ન તે મને કોઈ ચીજ આપે છે અને ન તો મારી સાથે સિલએ રહમી (સગા તરીકે સદવર્તાવ) કરે છે. છતાં પણ જ્યારે તેને મારાથી કોઈ કામ પડી જાય છે અને તે આવીને મારી પાસે કોઈ ચીજ માગે છે. મેં ક઼સમ ખાધી છે કે હું તેને કાંઈ આપીશ નહીં અને ન એની સાથે સિલએ રહમી કરીશ ! તો આપ ﷺએ હુકમ આપ્યો કે : ''હું તેની સાથે તે કામ કરું જે સારું છે. (એટલે કે તેની સાથે સદવર્તાવ કરું) અને ક઼સમનો કફ્ફારો આપી દઉં.'' *(સુનને નિસાઈ, હદીષ–૩૭૮૮, ૭/૧૧)*

સંબંધ જોડવાનો આ ગુણ રસૂલુલ્લાહ ﷺની સીરતનું રોશન એવું પાસુ છે કે સહાબાએ કિરામ એના સંબંધે આપને કહેતા પણ હતા. એકવાર હઝરત અબ્દુલ મુત્તલિબ બિન રબીઆ અને હઝરત ફઝ્લ બિન અબ્બાસ رضی اللہ عنہما કોઈ ગુઝારિશ લઈને આપની ખિદમતમાં હાજર થયા તો તેમણે આપને સંબોધતાં કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ આપ લોકોમાં સૌથી વધુ હુસ્ને સુલૂક કરવાવાળા અને સૌથી વધુ સિલએ રહમી કરવાવાળા છો.''

જ્યારે ઉમ્મે હક઼ીમ رضی اللہ عنہا રસૂલુલ્લાહ ﷺની પાસે થઈને પસાર થયાં તો પોતાના પતિને કહ્યું, ''આપ લોકોમાં સૌથી વધુ હુસ્ને સુલૂક કરવાવાળા છે.'' *(અલ્મુસ્તદરક, ૩/૨૬૯)*

આપે હમેશાં ગાળોના જવાબમાં દુઆઓ આપી, સંબંધ તોડનારાઓ સાથે સંબંધ જોડયા. જ્યારે આપના પર પહેલી વહી નાઝિલ થઈ તો હઝરત ખદીજા رضی اللہ عنہاએ આપના જે ગુણોને આપની સચ્ચાઈના રૂપે પેશ કર્યા તો એમાંથી એક આપનું સંબંધ જોડવું પણ હતું. એનાથી સ્પષ્ટ થઈ રહ્યું છે કે આ ગુણ વહીના ઉતરાણ પહેલાં પણ આપનામાં ઉત્તમ કક્ષાએ મૌજૂદ હતો.

હઝરત ખદીજા رضی اللہ عنہاએ અર્ઝ કરી :–

"હરગિઝ નહીં ! (યા રસૂલલ્લાહ ! ﷺ) આપને મુબારક થાય કે અલ્લાહની ક઼સમ ! અલ્લાહ આપને કદી બેઆબરૂ થવા દેશે નહીં, બખુદા ! આપ સંબંધો જોડો છો, સદા સત્ય બોલો છો, કમજોરોનો બોજ ઉઠાવો છો, નાદારોને માલ અતા કરો છો, મહેમાનોની ખિદમત કરો છો, અને હક઼્ક઼ની રાહમાં ઉપસ્થિત થનારી મુસીબતો પર મદદ કરો છો." *(સહીહ મુસ્લિમ, ૩/૯૬, હદીષ–૨૨૯૭)*

એનાથી સ્પષ્ટ થઈ રહ્યું છે કે આપ ﷺના અખ્લાક઼ે હસનાનું એક પાસુ સંબંધ જોડવું પણ છે.

## ★ એક તરફી ભલાઈ ચાહવું ★

નબી કરીમ ﷺના અખ્લાક઼ે હસનાનું એક પાસુ એક તરફી ખેર ખ્વાહી (શુભેચ્છક રહેવું) પણ છે. એનાથી મુરાદ એ છે કે ભલુ ઈચ્છવું કેવળ એનાથી જ ન કરવામાં આવે જે આપનો ખૈર ખ્વાહ હોય, અને એની ખૈર ન ચાહે જે આપનું ભલુ ન ચાહે, બલ્કે જે આપનો ખૈર ખ્વાહ હોય એનું પણ ભલુ ચાહો અને જે આપનું બુરુ ચાહનાર હોય તેની પણ ભલાઈ ચાહવામાં આવે. ખૈર ખ્વાહી સોદાગરી કે વ્યાપાર નથી કે જેને આ પ્રમાણે પ્રદર્શિત કરવામાં આવે :–

*વફ઼ા કરોગે વફ઼ા કરેંગે, સિતમ કરોગે સિતમ કરેંગે*
*કે હમ ભી ઈન્સાં હૈં આપ જૈસે, જો તુમ કરોગે વો હમ કરેંગે*

બલ્કે એક તરફી ખૈરખ્વાહી (શુભેચ્છા)થી મુરાદ એ છે કે **જે તમને ગાળો આપે એમને પણ દુઆઓ આપો,** કેમ કે ખૈરખ્વાહી કોઈ વ્યાપાર નથી બલ્કે અખ્લાક઼ે હસનાની પુકાર

છે. જેવી રીતે તરસ્યો દરેક હાલતમાં પાણી પીએ છે એવી જ રીતે અખ્લાક઼ે હસનાવાળો દરેક હાલતમાં અન્ય લોકો સાથે ખૈરખ્વાહ હોય છે.

રસૂલે કરીમ ﷺને અલ્લાહ તઆલાએ જે ઉચ્ચ અખ્લાક઼ના સંપૂર્ણ પયકર બનાવ્યા છે એનો એક મઝહર (પ્રદર્શન સ્થાન) એ પણ છે કે આપ દરેક હાલતમાં એક તરફી ખૈર ખ્વાહી કરતા હતા. જે આપના ખૈરખ્વાહ હતા, આપ ﷺ એમની પણ ખૈરખ્વાહી કરતા જેઓ આપ ﷺના લોહીના તરસ્યા હતા, આપ ﷺ એમની પણ હિદાયતના માટે તડપતા રહેતા હતા. જેમ કે હમણા હદીષે પાક વર્ણન થઈ કે ફર્માવ્યું, ''મારા રબે મને હુકમ આપ્યો છે કે હું તેને માફ કરી દઉં જે મારા પર જુલ્મ કરે, અને એને પણ આપુ જે મને મેહરૂમ કરે.''

મક્કાના કુરૈશીઓ તે સમય સુધી આપની પ્રશંસામાં ખોવાયેલા હતા જ્યાં સુધી આપે નબુવ્વતનું એલાન ન કર્યું હતું, જ્યાં સુધી આપે તેમને ઈસ્લામની દાવત ન આપી, તેઓ આપને ''સાદિક઼'' તથા ''અમીન'' કહેતા હતા. આપની પવિત્ર શખ્સિયતને એક આઈડિયલ નવયુવાનના રૂપે પેશ કરતા રહ્યા, અને આપની સચરિત્રતા તથા પાકદામનીના ગુણ ગાતા રહ્યા. પરંતુ જેવી રસૂલે કરીમ ﷺએ તેમને તૌહીદની દાવત આપી તો એમના માટે પોતાના રસ્મો રિવાજને છોડવા, બાપ દાદાના ચીલે ચાલવાથી બહાર આવવું અને પોતાના અંગત લાભોને હક્ક઼ માટે કુર્બાન કરવું ખૂબ જ મુશ્કેલ હતું. એટલા માટે તેમણે ન કેવળ આપની દાવત ઠુકરાવી, બલ્કે આપના અતિ સખત દુશ્મન બની ગયા અને તેમની દુશ્મની એટલી હદે પહોંચી ગઈ કે તેઓ તબાહ તથા બર્બાદ થવાનું તો ક઼બૂલ કરી શક્તા હતા પરંતુ આપ ﷺની

દાવતને ક઼બૂલ કરી શક્તા ન હતા ! કુર્આને કરીમ તેમની દુશ્મનીને દર્શાવતાં વર્ણવે છે કે એકવાર તેઓએ કાબાના ગિલાફને પકડીને આ પ્રમાણે દુઆ માગી : "હે અલ્લાહ ! જો આ જ તારે ત્યાં હક્ક઼ છે તો અમારા પર આસ્માનથી પથ્થર વરસાવી દે અથવા અમારા પર કોઈ દર્દનાક અઝાબ મોકલી દે." *(સૂ. અન્ફાલ, ૮/૩૨)*

આના પરથી સ્પષ્ટ થઈ રહ્યું છે કે તેઓને હુઝૂર ﷺ સાથે એટલા પ્રમાણમાં નફરત તથા અદાવત હતી કે તેઓ આપ ﷺની વાત માનવાના બદલે તબાહ તથા બર્બાદ થઈ જવાને અગ્રતા આપતા હતા! નહીં તો તેઓ એવું ન કહેતા કે "જો આ હક્ક઼ છે તો અમને તબાહ કરી દે !" બલ્કે તેઓ કહેતા કે હે અલ્લાહ ! જો આ હક્ક઼ છે તો તું અમને એને માનવાની તૌફીક઼ આપી દે. તેમની આ નફરત તથા અદાવત છતાં હુઝૂર નબી કરીમ ﷺ તેમના શુભેચ્છક હતા, અને આપ ﷺ તેમની હિદાયતના માટે એટલા પ્રમાણમાં બેચૈન રહેતા હતા કે અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺને ફર્માવ્યું :

"કદાચ તમો તમારી જાન પર ખેલી જશો એ કારણે કે તેઓ ઈમાન નથી લાવતા" *(સૂ. શુઅરા, ૩/૨૬)*

આ એક તરફી ખૈર ખ્વાહીનું અંતિમ બિંદુ છે કે આપ ﷺ લોહીના તરસ્યાઓની બેહતરી તથા હિદાયતના માટે એટલા પ્રમાણમાં બેચૈન તથા પરેશાન રહેતા હતા કે જાણે એ ગમમાં પોતાના જાનની બાજી લગાડી આપશે.

આપ ﷺની પૂરી સીરતે તયબહ (જીવન ચરિત્ર) જ એક તરફી ખૈરખ્વાહીથી ભરપુર છે. જ્યારે ગઝવએ ઓહદના પ્રસંગે આપનો ચહેરા મુબારક ઝખ્મી થઈ ગયો, ખુદની કડીઓ આપના

ચહેરા મુબારકમાં ઘુસી ગઈ તો સહાબાએ કિરામે અર્ઝ કરી, કાશ ! આપ એમની તબાહી માટે નુકસાનની દુઆ કરતા. તો આપ ﷺએ ફર્માવ્યું, ''મને લઅનત કરનાર બનાવીને નથી મોકલવામાં આવ્યો, બલ્કે મને નિમંત્રક તથા રહમત બનાવીને મોકલવામાં આવ્યો છે. હે અલ્લાહ ! મારી ક઼ૌમને માફ ફર્માવ ! મારી ક઼ૌમને હિદાયત આપ ! તેઓ જાણતા નથી.''

*(મવાહિબુલ્લદુન્નિયહ, ૨/૮૭, બૈરૂત)*

હુઝૂર નબીએ રહમત ﷺનું પૂરું પવિત્ર જીવન એક તરફી ખૈર ખ્વાહીથી ભરપુર છે, આપ ﷺ એ તાઈફમાં પથ્થર મારવાવાળાઓની પણ ખૈરખ્વાહી ચાહી અને રાહમાં કાંટા બિછાવવાવાળાઓની પણ.

આપ ﷺના અખ્લાક઼ે હસનાના આ વિવિધ પાસાંઓ પર વિચારણા કરવાથી જેવી રીતે અખ્લાક઼ (સુસંસ્કાર)ના વર્તુળની વિશાળતા સમજમાં આવે છે તેવી રીતે તેને પોતાની જિંદગીમાં લાગુ કરીને પોતાના જીવન ચરિત્રને સમારવાનો સામાન પણ મયસ્સર થાય છે. જે શખ્સે અખ્લાક઼ે હસનાના આ હસીન તથા દિલકશ પયગામને પોતાના દિલમાં ઉતારીને પોતાની જાતને એ જ માળખામાં ઢાળી લીધી એણે જ સીરતના પયગામને સાંભળવાનો શરફ હાંસલ કર્યો અને તે જ બંને જહાનોમાં ખુશી પામ્યો. અલ્લાહ તઆલા સૌને અખ્લાક઼ે હસનાના નૂરની મુનવ્વર તથા રોશન ફર્માવે, અને સીરતે તય્યબહના પ્રમાણે પોતાનું જીવન પસાર કરવાની તૌફીક઼ અતા ફર્માવે, આમીન.

કિતાબ મંગાવો ! કિતાબ મંગાવો !

# બહારે શરીઅત

લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદ અલી رحمة الله عليه

અનુવાદકો હઝરત સૈયદ ક઼મરુદ્દીનબાવા કારંટવી | મર્હૂમ ડોસુભાઈ પહોંચીયા મોડાસ્વી

## પ્રથમ વિભાગ

- ભાગ–૧ : અક઼ીદા (અલ્લાહ, રસૂલ, વલી, ફરિશ્તા વગેરે વિશે) આલમે બરઝખ (ક઼બ્ર), ક઼યામત, જન્નત, જહન્નમ, કેટલાક બાતિલ ફિર્ક઼ાઓ વગેરેનું બયાન.
- ભાગ–૨ : તહારત (પાકી) : વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, હૈઝ, નિફાસ, ઈસ્તિન્જા વગેરેનું બયાન.
- ભાગ–૩ : નમાઝનું બયાન, નમાઝના ફઝાઈલ, ફર્ઝો, શર્તો, અઝાન, ઈમામત, જમાઅત, મસ્જિદ વગેરેનું બયાન.
- ભાગ–૪ : વિત્ર, નફ્લ, સુન્નતેં, નમાઝે ઈસ્તેખારા, સલાતુત્તસ્બીહ, કઝા નમાઝ, કઝાએ ઉમરી, સિજદએ સહવ, મુસાફિરની નમાઝ, જુમ્આ વગેરેનું બયાન.
- ભાગ–૫ : ઝકાતનું બયાન, ઝકાત ન દેનારના અઝાબ, સદક઼ાએ ફિત્ર, રોઝાનું બયાન, આશૂરાના ફઝાઈલ, અન્ય નફ્લ રોઝાઓ, એતેકાફ વગેરેનું બયાન.

## બીજો વિભાગ

- ભાગ–૬ : હજ્જ વિશે તથા ઝિયારતે રૌઝએ રસૂલ વિશે બયાન.
- ભાગ–૭ : નિકાહ વિશે, મેહરમો વિશે...વગેરેનું બયાન
- ભાગ–૮ : તલાક઼ વિશે બયાન, સોગ વિશે, ઔલાદની તર્બિયત વગેરે વિશે બયાન.
- ભાગ–૯ : ગુલામ આઝાદ કરવા વિશે, ક઼સમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ...વગેરે વિશે બયાન.
- ભાગ–૧૦ : લક઼ીતનું બયાન, ભાગીદારી, વક઼ફનું બયાન, મસ્જિદ, ક઼બ્રસ્તાન વગેરેનું બયાન

[પ્રથમ વિભાગ + બીજો વિભાગ]
ટપાલ ખર્ચ રૂા. ૬૦/–
એક સેટની કિંમત ₹400/-

નોંધ : છુટક વિભાગ મળશે નહીં
તેની ન

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ,
પિન. ૩૯૨૦૨૦, ઈન્ડિયા (ગુજરાત) ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧ (ઓ), ૨૮૦૧૯૨ (ઘર), ૨૮૦૨૯૨ (ઘર), મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧